# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૪-B તા.૨૨-૧૦-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- રજા પ્રવાસરાહત યોજના (એલ.ટી.સી.- બ્લોકઃ૨૦૨૪/૨૭) અંગે લાભ આપવા બાબત.

સંદર્ભ :- ૧) મ્યુનિ.કોર્પો.ઠ.નં. ૩૩૮ તા.૧૬-૦૯-૧૯૯૮
૨) રાજ્યસરકારનાં પરિપત્ર નં.એમએસબી-૨૧૬૬-૪૨૯૮-જે તા.૧૫-૧૦-૧૯૬૬
૩) રાજ્યસરકારનાં પરિપત્ર નં.ઇ.સી.આર.૧૦૮૭-૨૮-એમ તા.૦૯-૦૮-૧૯૮૭
૪) રાજ્યસરકારનાં પરિપત્ર નં.પી.જી.આર.-૪૯-એમ તા.૧૬-૦૯-૧૯૯૮
૫) રાજ્યસરકારનાં પરિપત્ર નં.મસભ-૧૦૨૦૦૭-૧૦૬૫-ચ, તા.૦૮-૦૬-૨૦૦૭
૬) રાજ્યસરકારનાં ઠ.ક્રમાંકઃ અમન/૧૦૨૦૦૯/૨૮૯૧/પી, તા.૧૦-૦૭-૨૦૦૯
૭) રાજ્યસરકારનાં ઠ.ક્રમાંકઃ મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯-ચ, તા.૨૮-૦૮-૨૦૧૫
૮) રાજ્યસરકારનાં ઠ.ક્રમાંકઃ મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯-ચ, તા.૨૨-૦૮-૨૦૧૬
૯) મ્યુનિ.કોર્પો.નાણાં ખાતું સરક્યુલર નં.૦૨ તા.૦૫-૦૬-૨૦૨૪
૧૦) ચેરમેન ઠ.નં. ૧૦૬૧ તા.૨૨-૧૦-૨૦૨૪ થી મેળલ મંજુરી

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ ૧ થી૧૦ અન્વયે જણાવવાનું કે મ્યુનિ. કોર્પો.સ્ટેન્ડીગ કમિટી ઠરાવ નં. ૧૫૦૮ તા. ૦૨-૦૨-૨૦૦૯, મ્યુનિ.કોર્પો. ઠરાવ નં.૧૫૫૬ તા. ૧૮-૦૨-૨૦૦૯, મ્યુનિ.કોર્પો. નાણાં ખાતુ સરક્યુલર નં.૩૦ તા.૨૬-૦૨-૨૦૦૯ અનુસાર મ્યુનિ.કોર્પો. અમદાવાદનાં તમામ કર્મચારીઓને તા. ૦૧-૦૧-૨૦૦૬ થી છઠ્ઠા પગારપંચ મુજબ રાજ્ય સરકારનાં ધોરણે સુધારેલ પગાર ધોરણો અને અન્ય લાભો આપવાનું નક્કી થયેલ છે તે મુજબ હાલમાં મ્યુનિ.કોર્પો. અમદાવાદનાં કર્મચારીઓને રાજ્ય સરકારનાં પ્રવર્તમાન નિયમોનુસાર રજા પ્રવાસ રાહત (એલ.ટી.સી.) આપવામાં આવી રહેલ છે. મ્યુનિ. કમિશનરશ્રીનાં ઠ.નં.૧૫ તા. ૨૮-૦૨-૨૦૨૪ની મળેલ મંજુરી અનુસાર તથા મ્યુનિ.કોર્પો. નાણાં ખાતુ સરક્યુલર નં.૦૨ તા.૦૫-૦૬-૨૦૨૪ અનુસાર ચેરમેન ઠરાવ નં.૧૦૬૧ તા.૨૨-૧૦-૨૦૨૪ થી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદનાં તમામ કાયમી નિમણૂંક પામેલ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને એલ.ટી.સી. બ્લોક વર્ષ ૨૦૨૪-૨૭ નો લાભ આપવા અંગે ઠરાવવામાં આવેલ છે. જેનો અમલ રાજ્યસરકારનાં ઠરાવ મુજબ રહેશે તથા આ સાથે સામેલ મ્યુનિ.કોર્પો. નાણાં ખાતુ સરક્યુલર નં.૦૨ તા.૦૫-૦૬-૨૦૨૪ માં જણાવેલ રજા પ્રવાસ રાહત યોજનાની મહત્વની જોગવાઇઓ મુજબ અમલ કરવાનો રહેશે.

બિડાણ :- મ્યુનિ.કોર્પો.નાણાં ખાતું સરક્યુલર નં.૦૨ તા.૦૫-૦૬-૨૦૨૪

તા.૨૨-૧૦-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# મહાનગર સેવા સદન, સરદાર પટેલ ભવન,
# દાણાપીઠ,અમદાવાદ- ૩૮૦૦૦૧

**નાણાં ખાતુ**
**સરકયુલર નં. ૦૨**
**તા. ૦૫/૦૬/૨૦૨૪**

**બાબત :- રજા પ્રવાસ રાહત યોજના ( એલ. ટી. સી. – બ્લોક : ૨૦૨૪/૨૭)**

સંદર્ભ : (૧)મ્યુનિસિપલ કોર્પોરેશન ઠરાવ નં. ૩૩૮ તા. ૧૬-૯-૯૮
(૨)રાજ્ય સરકારશ્રીના પરિપત્ર નં. : એમએસબી-૨૧૬૬-૪૨૯૮-જે તા. ૧૫-૧૦-૬૬
(૩)રાજ્ય સરકારશ્રીના પરિપત્ર નં. ઇ.સી.આર. ૧૦૮૭-૨૮-એમ તા. ૯-૮-૮૭
(૪)રાજ્ય સરકારશ્રીના પરિપત્ર નં. પી.જી.આર.-૪૯-એમ તા. ૧૬-૯-૯૮
(૫)રાજ્ય સરકારશ્રીના પરિપત્ર નં. મસભ-૧૦૨૦૦૭-૧૦૬૫-ચ, તા. ૦૮/૦૬/૨૦૦૭
(૬)રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : અમન/૧૦૨૦૦૯/૨૮૯૧/પી, ૧૦/૦૭/૨૦૦૯
(૭)રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯-ચ, તા. ૨૮/૦૮/૨૦૧૫
(૮)રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯-ચ, તા. ૨૨/૦૮/૨૦૧૬

આથી તમામ ખાતાના બીલ ક્લાર્ક અને અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નંબર : ૧૫૦૮ તા. ૦૨/૦૨/૨૦૦૯, મ્યુ.કોર્પો.ઠ.નં. ૧૫૫૬ તા. ૧૮-૦૨-૨૦૦૯, **નાણાં ખાતુ, સરકયુલર નં. ૩૦ તા. ૨૬/૦૨/૨૦૦૯ અનુસાર મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ કર્મચારીઓને તા. ૦૧/૦૧/૨૦૦૬ થી છઠ્ઠા પગાર પંચ મુજબ રાજ્ય સરકારશ્રીના ધોરણે સુધારેલ પગાર ધોરણો અને અન્ય લાભો આપવાનું નક્કી થયેલ છે.** તે અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હાલમાં કર્મચારીઓને રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર રજા પ્રવાસ રાહત (એલ.ટી.સી.) આપવામાં આવી રહેલ છે. **મ્યુનિસિપલ કમિશનરશ્રીના ઠ.નં. ૧૫ તા. ૨૮/૦૨/૨૦૨૪** ની મળેલ મંજુરી **અનુસાર એલ.ટી.સી. બ્લોક વર્ષ ૨૦૨૪-૨૭ નો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે.** જેનો અમલ રાજ્ય સરકારશ્રીના ઠરાવ મુજબ કરાવાનો રહેશે. રજા પ્રવાસ રાહત યોજનાની મહત્વની જોગવાઇઓ નીચે મુજબ રહેશે.

**કર્મચારી/બીલક્લાર્કે એલ.ટી.સી. ફોર્મમાં એલ.ટી.સી. ફોર્મમાં એલ.ટી.સી. પ્રવાસ સમયે કર્મચારીનો છઠ્ઠા પગારપંચ મુજબનો બેઝીક/ ગ્રેડ-પે બતાવવાનો રહેશે.**

(૧) રજા પ્રવાસ રાહત યોજનાનો લાભ નીચે જણાવેલ મ્યુનિસિપલ કર્મચારીઓને મળવાપાત્ર રહેશે.

(અ) મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાયમી નિમણૂક પામેલા કર્મચારીઓ.

(બ) ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી સળંગ નોકરી કરતા હોય અને કાયમ થયેલા ન હોય તેવા શિડયુલ જગા ઉપરના એકટીંગ કર્મચારીઓ.

(ક) અજમાયશી ઉપર હોય અને અજમાયશી તરીકે એક વર્ષ પુરું કરે ત્યાં સુધી રજા પ્રવાસ રાહતના નિયમ કરેલ બ્લોક વર્ષની મુદત પૂરી થઇ જતી હોય તેવા ઉમેદવારોને તેઓની મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રજા પ્રવાસ રાહતનો લાભ મેળવવા પાત્ર અગાઉ કોઇ સેવા હોય તો તે સેવા તે સમયે તેઓએ રજા પ્રવાસ રાહત મેળવવા વિકલ્પ આપેલ છે તેમ ગણી સમયે મળવાપાત્ર વર્ગ તથા ભાડાના દરને ધ્યાનમાં લઇ રજા પ્રવાસ રાહત યોજનાનો લાભ આપી શકાશે. (ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : મસબ-૧૦૯૧-૧૨૫૪-જ તા. ૦૯/૧૨/૧૯૯૧)

(૨) ફરજ મોકુફી હેઠળના કર્મચારીઓને જે તે વર્ષના એલ.ટી.સી. બ્લોકનો લાભ મળવાપાત્ર નથી. પરંતુ તેમના કુટુંબના સભ્યો આ યોજનાનો લાભ લઇ શકે છે. પરંતુ આવા કર્મચારીઓને નોકરીમાં પાછા લેવામાં આવે અને તેમનો ફરજમોકુફીનો સમય ફરજ તરીકે ઓન ડયુટી ગણવામાં આવે તો પણ તે કર્મચારીને એલ.ટી.સી. બ્લોક વર્ષ પૂરા થઇ ગયા હોય તે બ્લોકનો લાભ મળવાપાત્ર નથી. (ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક : મસબ/૨૧૮૬/૧૩૮/જ તા. ૧૮/૦૩/૮૬)

(૩) રજા પ્રવાસ રાહત યોજના હેઠળ મ્યુનિસિપલ કર્મચારીઓને તેના કુટુંબ સાથે ભારતના કોઇપણ સ્થળની મુલાકાત લેવા માટે જવા-આવવાના સાથે વધુમાં વધુ ૬૦૦૦ કિ.મી. (એકવાર ૩૦૦૦ કિ.મિ. એક તરફથી મર્યાદામાં- આવતા જતાના ૬૦૦૦ કિ.મી.) ની મર્યાદામાં પ્રવાસ કરવાનો રહેશે. (ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક : મસબ-૨૧૯૧-૧૧૧૭-જ તા. ૦૧/૦૭/૧૯૯૧)

(૪) રજા પ્રવાસ રાહત યોજનાના આનુષાંગિક ખર્ચને પહોંચી વળવા માટે રજા પ્રવાસનો લાભ મેળવતા સમયે વધુમાં વધુ ૧૦ દિવસની પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર (એન્કેશમેન્ટ) કરાવી શકાશે પરંતુ કુલ નોકરી દરમ્યાન આવું રજાનું રોકડ રુપાંતર ૬૦ દિવસ કરતાં વધવું જોઇએ નહીં.(જી.આર.નંબર : પીજીઆર-૧૦૦૯-૬૯-પે-સેલ-(પી) તા. ૦૨-૦૨-૨૦૧૨ અને નં. પીજીઆર.-૧૦૦૯-૭૧-પે-સેલ-(પી) તા. ૧૮-૦૪-૨૦૧૨ તથા નાણાં ખાતાના સરક્યુલર નં ૦૭ તા. ૦૧-૦૫-૨૦૧૨)

(૫) આવી રજા પ્રવાસ રજાના રોકડમાં રુપાંતરનો લાભ લેવાની સાથે ઓછામાં ઓછી તેટલી જ સમયની પ્રાપ્ત રજા પણ ભોગવવી જોઇએ. આવી રીતે ભોગવવામાં આવેલી પ્રાપ્ત રજા તથા રુપાંતર કરવામાં આવતી રજા, રજા હિસાબમાં ઉધારવામાં આવ્યા પછી પ્રાપ્ત રજાની સિલક ઓછામાં ઓછી ત્રીસ દિવસની રહેવી જોઇએ.

(૬) રજા પ્રાપ્ત રાહત યોજના લાભ મેળવવા માટે કર્મચારીના કુટુંબની સંખ્યા માટે ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગ ઠરાવ ક્રમાંક : મ.સ.ભ./૧૦૯૫/૩૧૬/જ તા. ૧૫/૦૪/૧૯૯૫ તેમજ બી.સી.આર. રુલ્સ ૪.૧ મુજબ કર્મચારી સાથે રહેતા કુટુંબના સભ્યો જેવા કે પતિ/પત્નિ, પિતા/માતા, સગીર ભાઇ-બહેન (વિધવા બહેન સહિત), પુત્ર/પુત્રી, દત્તક પુત્ર/પુત્રી કે જેઓની માસિક આવક રુ. ૩૫૦૦/- કરતાં વધતી ન હોય તેનો સમાવેશ થશે.

પરંતુ જો કર્મચારીનાં પિતા હાજર હોય અને તેમની માસિક આવક રુ.૩૫૦૦/- થી વધારે હોય તો કર્મચારીની સાથે રહેતા કુટુંબ અન્ય સભ્યો જેવા કે –માતા, ભાઇઓ, બહેનો (વિધવા બહેન સહિત) તે

કર્મચારીના કુટુંબના સભ્ય તરીકે ગણાશે નહીં અને રજા પ્રવાસ રાહત યોજનાનો લાભ તેઓને મળવાપાત્ર થશે નહીં

(૭) તા. ૨૭/૭/૮૯ કે ત્યાર બાદ મ્યુનિસિપલ નોકરીમાં દાખલ થયેલા મ્યુનિસિપલ કર્મચારીઓને જો બે થી વધુ જીવિત બાળકો હયાત હશે તો તેમને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર નથી, પરંતુ તા.૨૭/૭/૮૯ કે ત્યારબાદ સેવામાં દાખલ થનાર કર્મચારીને પહેલાં એક જીવિત બાળક હોય અને ત્યારબાદ જોડિયા બાળકોના જન્મના કારણે જીવિત બાળકોની સંખ્યા બે થી વધુ જતી હોય તો તેવા કિસ્સામાં – ઉપરોક્ત જોગવાઈમાં છુટછાટ મૂકીને રજા પ્રવાસ રાહતનો લાભ આપી શકાશે. (સ.ઠ.ના.વિ.ક્રમાંક : મસભ-૧૦૯૭-૭૧૮-જ, તા. ૦૩/૦૯/૧૯૯૭)

(૮) મ્યુનિસિપલ કર્મચારીના પતિ-પત્ની કે કુટુંબનો કોઇ પણ સભ્ય તેમની સાથે રહેતા હોય અને સરકારી કે ખાનગી સંસ્થામાં નોકરી કરતા હોય અને તેમને આ યોજના હેઠળ લાભ મળતો હોય ત્યાં આ સવલત તમામને ન મળતા કોઇ પણ એક જ સંસ્થા પાસેથી મળવાપાત્ર રહેશે અને તે અંગે અન્ય સંસ્થા પાસેથી આ લાભ લીધો નથી તેવું લેખિત સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. (ઠરાવ ક્રમાંક : મસભ-૨૧૬૬/૪૨૯૮/જ તા. ૧૫/૧૦/૬૬)

(૯) રાજ્ય સરકારશ્રીના ધોરણે રજા પ્રવાસ રાહત યોજના માટે નીચે જણાવેલ પાંચમા પગારપંચ મુજબના પગારધોરણની સામે જણાવેલ સવલત મળવાપાત્ર થાય છે. (ઠરાવ ક્રમાંક :મસભ-૧૦૯૯/૩૨૪/જ તા. ૨૧/૦૪/૯૯)

## હવાઈ માર્ગ / રેલ માર્ગ દ્વારા મુસાફરી

**રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની સવલત મેળવનાર કોઇ પણ કર્મચારીશ્રી / અધિકારીશ્રી રાષ્ટ્રીય તેમજ ખાનગી વિમાન સેવા દ્વારા હવાઈ મુસાફરી કરી શકશે. પરંતુ તેને જે વર્ગનું રેલ્વે ભાડું મળવાપાત્ર થતું હશે તે અને હવાઈ પ્રવાસનું ખરેખર ખર્ચ, એ બન્ને પૈકી જે ઓછું હોય તેટલી જ રકમ મંજુર કરવાપાત્ર થશે. હવાઈ મુસાફરી કરનાર કર્મચારી/ અધિકારીઓએ બીલની સાથે હવાઈ મુસાફરી મૂળ ટીકીટ(એરલાઈન્સ કંપનીની ઈ-ટીકીટ રકમ દર્શાવતી) તેમજ બોર્ડીંગ પાસ અસલ રજૂ કરવાના રહેશે.**

| ગ્રેડ પે- રેન્જ | પાત્રતા |
|---|---|
| ૭,૬૦૦/- અને તેથી વધુ | રાષ્ટ્રીય તેમજ ખાનગી વિમાન સેવા દ્વારા ઈકોનોમી અથવા રેલ્વેનો એ.સી. ફર્સ્ટ ક્લાસ તેમની પસંદગી મુજબ |
| ૫,૪૦૦/- અને તેનાથી વધારે પરંતુ ૭,૬૦૦/- થી ઓછા | રેલ્વેનો એ.સી. ફર્સ્ટ ક્લાસ (1 A.C.) |
| ૪,૨૦૦/- અને તેનાથી વધારે પરંતુ ૫,૪૦૦/-થી ઓછા | રેલ્વેના સેકન્ડ એ.સી. ટુ ટાયર સ્લીપર (2 A.C.) |
| ૨,૪૦૦/- અને તેનાથી વધારે પરંતુ ૪,૨૦૦/-થી ઓછા | રેલ્વેનો થ્રી ટાયર એ.સી. સ્લીપર ( 3 A.C.) |
| ૨,૪૦૦/-થી ઓછા | રેલ્વેના સેકન્ડ સ્લીપર |

**<u>રાજધાની એક્સપ્રેસ દ્વારા મુસાફરી :-</u>**

| ગ્રેડ પે- રેન્જ | પાત્રતા |
|---|---|
| **૭,૬૦૦/- અને તેથી વધુ** | **એ.સી. ફર્સ્ટ કલાસ** |
| **૫,૪૦૦/- અને તેનાથી વધારે પરંતુ ૭,૬૦૦/- થી ઓછા** | **સેકન્ડ એ.સી. ટુ ટાયર સ્લીપર** |
| **૨,૪૦૦/- અને તેનાથી વધારે પરંતુ ૫,૪૦૦/-થી ઓછા** | **એ.સી. ચેરકાર/ થ્રી ટાયર એ.સી. સ્લીપર ( 3 A.C.)** |

- **જે ટ્રેનોમાં એ.સી. ચેર કારની સવલત ઉપલબ્ધ ન હોય તે ટ્રેનમાં એ.સી. થ્રી ટાયર સ્લીપરમાં મુસાફરી પરવાનગીપાત્ર છે.**

(૧૦) કર્મચારી જે વર્ગમાં મુસાફરી કરવા હક્કદાર હશે તેનાથી ઉપલા વર્ગમાં જો તેણે મુસાફરી કરેલ હશે તેવા કિસ્સામાં ઉપલા વર્ગમાં કરેલ મુસાફરી સંબંધી ખર્ચ-ભાડુ મળવાપાત્ર રહેશે નહિં, પરંતુ કર્મચારી જે વર્ગમાં મુસાફરી કરવા હક્કદાર છે તે જ મળવાપાત્ર ખરેખર ભાડુ મેળવી શકશે. તેમજ કર્મચારી જે વર્ગમાં મુસાફરી કરવા હક્કદાર છે તેનાથી નીચલા વર્ગમાં મુસાફરી કરેલ હશે તો તેને જે નીચલા વર્ગમાં મુસાફરી કરેલ હશે તે અંગેનું જ મળવાપાત્ર ભાડું મેળવી શકશે અને તે જે વર્ગમાં મુસાફરી કરવા હક્કદાર છે તે વર્ગનું ભાડુ માંગી શકશે નહી.

(૧૧) દરેક કર્મચારીએ આ યોજના મુસાફરી કરતા અગાઉ કુટુંબના કયા ક્યા સભ્યો મુસાફરી કરવાના છે અને ક્યા ક્યા સ્થળે જવાના છે તેની સંપૂર્ણ વિગતો એલ.ટી.સી. ફોર્મમાં જણાવી મુસાફરી કરવાની રહેશે. (ઠરાવ ક્રમાંક : મસભ-૨૧૯૬/૪૨૯૮/જ તા. ૧૫/૧૦/૯૬)

(૧૨) એલ.ટી.સી. પ્રવાસ માટે કર્મચારી કોઇ પણ માર્ગે જઇ શકે છે. પરંતુ પ્રવાસ ભથ્થાનો દાવો મુખ્ય મથક અને જાહેર કરેલ સ્થળે સળંગ ટિકિટના ધોરણે સૌથી ટૂંકા સીધા માર્ગના સંદર્ભમાં વિનિયમિત કરવાનો રહેશે. મ્યુનિસિપલ કર્મચારીએ મુસાફરી કર્યા અંગેના પૂરાવાઓ જેવા કે – રેલ્વે ટિકિટ, જાહેર બસ દ્વારા મુસાફરી કરેલ હોય તો તેની રસીદ/ટિકિટના પુરાવા ખાતાના અધિકારીશ્રી પાસે રજૂ કરવાના રહેશે. જેમાં લોજીંગ-બોર્ડીંગ કે અન્ય ખર્ચ મળવાપાત્ર રહેશે નહિ.

(૧૩) દરેક કર્મચારીએ રજા પ્રવાસ રાહત હેઠળ કરેલ પ્રવાસની સંપૂર્ણ વિગતો તથા જરુરી પૂરાવાઓ પ્રવાસ પૂરો કર્યા તારીખથી **<u>દિન-૧૫</u>** માં જે તે ખાતાના અધિકારીશ્રી સમક્ષ રજુ કરવાના રહેશે, જે નાણાં ખાતાના એલ.ટી.સી. વિભાગમાં જરુરી ફોર્મમાં-પૂરાવાઓ- સર્વિસ બુક રજૂ કર્યેથી નિયમોનુસાર મળવાપાત્ર રજા પ્રવાસ રાહતની રકમ અંગે અભિપ્રાય આપવામાં આવશે.જો કર્મચારી દ્વારા પ્રવાસ કર્યા તારીખથી ફાઇલ રજુ કરવામાં ૬ મહિના થી વધુ સમય થશે તો ડીલેકોન્ડોનની મંજુરી સાથે એલ.ટી.સી ફાઇલ રજુ કરવાની રહેશે.

(૧૪) ગુજરાત નાણાંકીય નિયમોના નિયમ ૧૪૭ (૨) (૩) ની જોગવાઇ અનુસાર એલ.ટી.સી. ના હેતુ માટે મુસાફરીની શરુઆત વખતે પેશગી ઉપાડી શકાય છે.તેના બદલે હવે પછી લીવ ટ્રાવેલ કન્સેશનનો લાભ લેનાર કર્મચારી/અધિકારી મુસાફરી શરુ થતા અગાઉ રેલ્વે અથવા બસમાં પોતાની બેઠક અનામત રખાવી શકે તે હેતુથી એવું ઠરાવવામાં આવે છે લીવ ટ્રાવેલ કન્સેશનના હેતુ માટે જો રેલ્વે દ્વારા મુસાફરી કરવાની હોય તો ૬૦ દિવસ અગાઉ અને સડક રસ્તે મુસાફરી કરવાની હોય તો ૩૦ દિવસ અગાઉ પેશગી મંજૂર કરી

શકાશે. (ઠરાવ ક્રમાંક : નનમ-૧૦૭૯-ભા.સ.-૮૯-ઝ તા. ૩૦-૦૭-૭૯ અને મસભ-૨૧૬૬ –જ તા. ૧૫-૧૦-૬૬)

આ માટે અંદાજી ખર્ચના વધુમાં વધુ ૪/૫ (૮૦%) જેટલી રકમ પેશગી તરીકે મંજૂરી કરી શકાય છે. (ઠરાવ ક્રમાંક : મસભ-૨૧૬૬-જ તા. ૧૫-૧૦-૬૬)

(૧૫) પેશગીની વસુલાત :- રજા પ્રવાસ અંગે લીધેલ પેશગીનું બિલ તે અંગેની મુસાફરી પૂરી થયેથી તુરત જ મુસાફરી ભથ્થાના હેતુ માટે મંજૂર કરેલ પેશગીનો હિસાબ જે રીતે આપવામાં આવે છે તે રીતે કરવાનું છે. રજા પ્રવાસ રાહત અંગે લીધેલ પેશગી સરભર કરવા માટેનું બીલ મુસાફરી પૂરી કર્યા તારીખથી એક માસમાં રજૂ કરવું જોઇએ.

**જો આ રીતે પેશગીની લીધેલ રકમમાં પૂરેપૂરું બીલ મુસાફરી પૂરી થયાની તારીખથી એક માસમાં ન કરે તો નીચે દર્શાવેલ દરે વ્યાજ સહિત વસુલાત કરવાની રહે છેઃ-**

(અ) મુસાફરી પૂરી થયાની તારીખથી એક માસમાં બિલ રજૂ કરે પરંતુ તે બિલની રકમ પેશગીની રકમ કરતાં ઓછી હોય તો બાકીની પેશગી રકમ તે રકમ આપ્યાની તારીખથી વસૂલાતની તારીખ સુધી મોટર કાર સિવાયની અન્ય વાહન પેશગી ઉપરના નિયત વ્યાજના દર ઉપરાંત ૨.૫ ટકા વ્યાજ સાથે વસૂલાત કરવાની રહે છે.

(બ) મુસાફરી પૂરી થયાની તારીખથી એક માસમાં બિલ જ રજૂ ન કરે તો પેશગીની રકમ તે આપ્યાની તારીખથી વસૂલાતની તારીખ સુધી મોટર કાર સિવાયની અન્ય વાહન પેશગી ઉપરના નિયત વ્યાજના દર ઉપરાંત ૨.૫ ટકા વ્યાજ સાથે એક જ હપ્તામાં વસૂલ કરવી જોઇએ.

(ક) ખરેખર મુશ્કેલીઓને કારણે કર્મચારી પોતાનું બિલ રજૂ કરી શક્યા ન હોય તો ખાતાના વડા વ્યાજની વસૂલાત જતી કરી શકે છે (ઠરાવ ક્રમાંક : ગુજરાત નાણાંકિય નિયમ – ૧૪૭(૨) (વી)(એ) તા. ૦૫/૧૦/૯૧)

(૧૬) સબંધિત કર્મચારીએ ખોટું એલ.ટી.સી. લીધેલ છે તેવું જણાઇ આવે ત્યારે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે. (ઠરાવ ક્રમાંક : ખતપ-૧૦૮૮ –યુ.ઓ.-૫૭૯-ખા.વ.એ. તા. ૦૩/૧૦/૮૮)

(અ) કર્મચારીએ એલ.ટી.સી.ની સમગ્ર રકમ પરત કરવાની રહેશે.તદઉપરાંત એલ.ટી.સી. ની રકમની બે ગણી રકમ દંડરુપે પરત કરવાની રહેશે.

(બ) ઉપરોક્ત રકમ એક સપ્તાહની સમય મર્યાદામાં પરત કરવાની રહેશે.

(ક) તદઉપરાંત સંબંધિત કર્મચારી ભવિષ્યમાં આવી ગેરરીતિ નહી આચરે તેની બાંહેધરી ખાતાના વડાએ મેળવવાની રહેશે.

(૧૭) સંબંધિત કર્મચારીએ ખોટું એલ.ટી.સી. લીધું છે તેવું જણાઇ આવે તેને દંડ સહિત રકમ પરત કરવા સૂચના આપવામાં આવે છતાં પણ જો નિયત સમયમર્યાદામાં રકમ રજા પ્રવાસ રાહત યોજના સત્તા દ્વારા ફરજ મોકુફી હેઠળ મૂકી દેવાનો રહેશે અને યોગ્ય તે કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવાની રહેશે.

(૧૮) રજા પ્રવાસ રાહત યોજનાના બ્લોકની વિગતો સર્વિસ બુકમાં નિર્ધારિત જગાએ નોંધ રાખી ત્યાં અધિકારીશ્રીની સહી મેળવવાની રહેશે.

(૧૯) રજા પ્રવાસ રાહત યોજના અન્વયે વખતોવખત રાજ્ય સરકારશ્રીએ જે ફેરફાર સૂચવે તે પ્રમાણેની જોગવાઈઓનો અમલ કરવાનો રહેશે.

(૨૦) રજા પ્રવાસ રાહત યોજનામાં કોઇ ખાસ સ્પષ્ટતાની જરુરીયાત ઉભી થાય અથવા અર્થઘટન બાબતે કોઈ વિવાદ ઉપસ્થિત થાય તો તે બાબતે નાણાં ખાતાનો નિર્ણય આખરી ગણાશે.

(૨૧) મુસાફરી કર્યા બાદ કર્મચારી/અધિકારીશ્રી મારફતે જો એલ.ટી.સી.નો દાવો ૧ વર્ષની અંદર રજુ કરવામાં નહિ આવે તો સદર કર્મચારી/અધિકારીશ્રી એલ.ટી.સી.નો લાભ લેવા માંગતા નથી જે રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંકઃમસભ-૧૦૨૦૧૩- ૧૪૨૯૬૯-ચ તા ૨૮/૦૮/૨૦૧૫ ના મુદા નં. ૮ મુજબ આપોઆપ રદ થઈ જશે.

(૨૨) રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંકઃમસભ-૧૦૨૦૧૩- ૧૪૨૯૬૯-ચ તા ૨૮/૦૮/૨૦૧૫ મુજબ બ્લોક પૂર્ણ થયા બાદ એક વર્ષ માટે આપોઆપ લંબાયેલ ગણાશે. દા ત ૨૦૨૦-૨૩ બ્લોક ડીસેમ્બર-૨૦૨૪ સુધી લંબાયેલ ગણાશે

(૨૩) એલ.ટી.સી ફોર્મની સાથે જરૂરી પુરાવા

૧.એલ.ટી.સી ફોર્મ (અ.મ્યુ.કો. ની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.)
૨.પગાર સ્લીપ
૩. રજાનું ફોર્મ
૪.બાંહેધરી (જરૂરી લાગુ પડતુ હોય ત્યાં જરૂરી પુરાવા સાથે)
૫. અસલ ટીકીટ/બોડીગ પાસ
૬. આઈ.ડી. પ્રુફ

.

**આ પરિપત્રનો લાભ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ ઉપરાંત એ.એમ.ટી.એસ., મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ, શેઠ વા.સા. જનરલ હોસ્પિટલ તથા શેઠ મા. જે. લાયબ્રેરીના કર્મચારીઓને આપવાનો થશે.**

**સહી : આર્જવ જે.શાહ**
**ડે.મ્યુનિસિપલ કમિશનર**
**(નાણાં)**